# ગાંધીનગર સમાચારનો સંવેદનાસભર અહેવાલ શિક્ષણમંત્રીને સ્પર્શી ગયો...

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર સમાચારની એ સંવેદના શિક્ષણમંત્રી અને આરોગ્ય વિભાગના અગ્ર સચિવ સહિત ઉચ્ચ અધિકારીઓને સ્પર્શી ગઈ અને સે. ૨૪ની સરકારી પ્રા. શાળામાં ભણતી બાળા તમન્ના ઈબ્રાહીમભાઈ સિપાઈની સારવારની સંપૂર્ણ જવાબદારી તંત્રએ સ્વીકારી છે.

**શિક્ષણ-આરોગ્ય વિભાગ હરકતમાં આવ્યું; તમન્નાની ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર આરંભાઈ**

આજે સવારે ગાંધીનગર સમાચારમાં પ્રકાશિત થયેલા અહેવાલ પછી રાજ્યના શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ આખો અહેવાલ વાંચી શિક્ષણ વિભાગ અને આરોગ્ય વિભાગના અધિકારીઓ તેમજ અધિક નિવાસી નાયબ કલેક્ટર હનુમંતસિંહ જાડેજા પાસેથી વિગતો મેળવી દિકરીની સારવાર માટે ત્વરિત પગલાં લેવાની સૂચના આપી હતી.

તમન્ના હાલ ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે અને તેનુ એચ.બી. ઘટી ગયુ હોવાથી ફિવર છે. જો કે તબિયત સારી હોવાનું જાણવા મળેલ છે.

સ્કુલ હેલ્થનો પ્રભાગ સંભાળતા સુતરિયાએ ગાંધીનગર સિવિલમાં આ દિકરીની સારવાર માટે હિમોફીલીયસ્ટનો ખાસ અભિપ્રાય મેળવવાની દિશામાં પણ તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી છે. હાલ ગાંધીનગર સિવિલ હોસ્પિટલના તબીબો સાથે તેઓ સંપર્કમાં હોવાનું જાણવા મળેલ છે.

રાજ્યના આરોગ્ય વિભાગના અગ્રસચિવ સુશ્રી જયંતિ રવિએ પણ દિકરી વિશેની જાણકારી મેળવી અને તંત્રને જરૂરી સારવારના તમામ પગલાં લેવાની સૂચનાઓ આપી છે.

મોડી સાંજે ગાંધીનગર સમાચારને શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ પણ ફોન કરી અને ''ટીમ સમાચાર''ને અભિનંદન આપી બાળકીની સંવેદનાને જે વાચા આપી છે તેને બિરદાવી હતી.



બેંક હડતાલ - બેંકોના મર્જરના મુદ્દે દેશભરમાં અલગ-અલગ કર્મચારી યુનિયનો દ્વારા હડતાલનું એલાન અપાયું હતું.... છેલ્લી ઘડીના પ્રયત્નો બાદ પણ કોઈ નિર્ણય ન થતાં મંગળવારે દેશભરની રાષ્ટ્રીયકૃત બેંકો બંધ રહેવા પામી હતી... જેના પગલે ૧૫,૦૦૦ કરોડના આર્થિક વ્યવહારો અટવાયા હતા... દિવાળી પર્વો પહેલા બેંક હડતાલથી ગ્રાહકો ભારે નારાજગી પણ અનુભવતા હતા... જોકે કર્મચારીઓની વાત વ્યાજબી હોવાની ચર્ચા પણ ઠેર ઠેર થતી હતી. સરકાર હોય કે બેંક કર્મચારી યુનિયન હોય બંને પક્ષો પોત-પોતાના સમર્થનમાં અડગ રહેતા પ્રજાને હાલાકી ભોગવવી પડી હતી....

# દિવાળી પર્વોમાં એસ ટી વધારાની બસો દોડાવશે

**આમ નાગરિકોને સલામત સવારી નસીબ થાય તે માટે સૌરાષ્ટ્ર તેમજ દક્ષિણ ગુજરાત સહીતના રૂટમાં પાંચમ સુધી વધારાની બસ ટ્રાફિકને ધ્યાને લઇ દોડાવાશે**

ગાંધીનગર તા ૨૨

ગાંધીનગર એસ ટી ડેપો દ્વારા વિવિધ પર્વોમાં વધારાની બસ સેવાનુ આયોજન કરવામાં આવે છે. જયારે હોળી ધુળેટી પર્વની સાથે દિવાળીના પર્વ દરમિયાન પણ વધારાની બસો દોડાવાશે જેમાં દાહોદ , ઝાલોદ તેમજ સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાત સહીતના રૂટમાં વધારાની બસ સેવાનો મુસાફરોને લાભ મળશે. દિવાળીના પર્વ ટાંણે પરિવારજનોને હાલાકી ન વેઠવી પડે તે માટે ટ્રાફિક મુજબ વિવિધ રૂટની બસ સેવાનુ આયોજન કરાશે.

દિવાળી પર્વને અનુલક્ષી એસ ટી ડેપો દ્વારા વધારાની બસો દોડાવાનુ આયોજન કરાયુ છે.દિવાળીના પર્વ દરમિયાન પરિવારજનો પોતાના વતનમાં જવાનુ વિશેષ પસંદ કરે છે. જયારે હોળી ધુળેટીના પર્વની જેમ દિવાળી દરમિયાન પણ એસ ટી તંત્ર દ્વારા નાગરિકો માટે વધારાની બસ સેવાનુ આયોજન કરવામાં આવે છે. ગાંધીનગર એસ ટી ડેપો દ્વારા આગામી દિવસોમાં આ મુજબ જ વધુ બસો દોડાવવા માટે આયોજન કરી દેવાયુ છે. જેમાં આવતીકાલથી પાંચમ સુધીના પર્વના દિવસોમાં એસ ટી નિગમ દ્વારા વધારાની બસો માટે આયોજન કરાયુ છે. જેમાં દાહોદ , જાલોદ, દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્ર રૂટની બસોનો વધુ લાભ મુસાફરોને મળે તે દિશામાં ડેપો

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લામાં સઘન-સતત સર્વેલન્સ દ્વારા ડેન્ગ્યુ અટકાવવા કડક તાકીદ

ગાંધીનગર, તા. ૨૨

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં વધી રહેલા ડેન્ગ્યુના કેસોને પગલે આજે જિલ્લા વિકાસ અધિકારી આર.આર. રાવલે તમામ આરોગ્ય અધિકારીઓની સમીક્ષા બેઠક યોજી હતી.

જિલ્લા આરોગ્ય તંત્રના અધિકારીઓની આ બેઠકને સંબોધતાં જિલ્લા વિકાસ અધિકારીએ ઓ.પી.ડી.ના સમય પછી ડેન્ગ્યુથી પિડીત દર્દીઓના વિસ્તારમાં જઈ અધિકારીઓને આઈ.ઈ.સી. એક્ટીવીટી કરવા તેમજ તેઓએ દિવસ દરમ્યાન લીધેલ મુલાકાત અને પ્રતિભાવ જે મળ્યા હોય તે અંગેનો અહેવાલ રોજેરોજ તેમની કચેરીને મોકલવામાં આવે. આમ નહિ કરનાર તબીબ સામે કાર્યવાહી કરવામાં આવશે તેવી ચીમકી પણ તેમણે ઉચ્ચારી હતી.

જિલ્લા વિકાસ અધિકારીએ ચાર જ દિવસમાં સમગ્ર જિલ્લામાં સઘન સર્વેલન્સ અભિયાન કરવા અને શંકાસ્પદ તાવના કેસો અંગે બ્લડ સેમ્પલ લઈ જરૂરી માર્ગદર્શન આપવામાં આવે તે અંગે



પણ કડક સૂચના આપી હતી.

જે વિસ્તારમાં નબળી કામગીરી રહેશે તે સ્હેજ પણ સાંખી લેવાશે નહિ. જિલ્લા વિકાસ અધિકારીએ જણાવ્યું હતુ કે એન્ટી લારવેલ, સોર્સ રિડક્શન તેમજ એબેટ ડે ની ઉજવણી પણ યોગ્ય રીતે થાય એટલુ જ નહિ ફોગીંગ જરૂર જણાય ત્યાં તાકીદે કરવાની સૂચના આપી હતી.

તેમણે ગાંધીનગરની આસપાસના ગામોમાં જે સોસાયટી વિસ્તાર બની રહ્યો છે તેના પ્રમુખ મંત્રીઓ સાથે બેઠક યોજી અને વાહકજન્ય રોગચાળાને લઈ જાગૃતિ આવે તે રીતે જન જાગૃતિ અભિયાન પણ કરવા સૂચવ્યુ હતુ.

જિલ્લા વિકાસ અધિકારીએ જણાવ્યુ હતુ કે બાળકોમાં આ વખતે ડેન્ગ્યુનું પ્રમાણ વધુ જોવા મળ્યુ છે ત્યારે શાળાઓમાં જઈ પણ બાળકોને શું શું કાળજી લેવી જોઈએ તે સમજાવવુ જોઈએ. તેમણે આ અંગે દરેક પી.એચ.સી. દ્વારા લઘુ શિબિરો થાય તેમજ મચ્છરદાનીનું જે વિતરણ કરવામાં આવ્યુ છે તેમાં સુવાનો આગ્રહ સગર્ભા બહેનો રાખે તે વિશે મહિલાઓ સાથે પણ મમતા દિવસ દરમ્યાન વાત કરવી જોઈએ તેમજ ખાસ મહિલા સંવાદના કાર્યક્રમો યોજવામાં આવે તેમ જણાવ્યુ હતુ.

# સેકટરોના માર્ગો આસપાસ સફાઈના અભાવે રહેણાંક વિસ્તારમાં જીવાતનો ઉપદ્રવ

**મુખ્ય અને આંતરિક માર્ગો આસપાસ વરસાદી દિવસોના અંતે બિનજરૂરી વનસ્પતિ અને ઘાસ હજુ પણ યથાવત : મચ્છર તેમજ જીવાતના ઉપદ્રવથી રહીશો પરેશાન : સફાઇનુ કામ અધુરુ છોડી દેવાયુ**

ગાંધીનગર તા ૨૨

શહેરના મુખ્યમાર્ગો તેમજ સેકટરોના આંતરિક માર્ગો આસપાસ વરસાદી દિવસોના અંતે હજુ પણ બિનજરૂરી વનસ્પિત તેમજ ઘાસ દુર કરાયુ નથી. થોડા સમય અગાઉ સફાઈ અભિયાન હાથ ધરાયુ હતુ. પરંતુ કામગીરી અધુરી છોડી દેવાતા હાલની સ્થિતિએ સેકટરોમાં સફાઈના અભાવે જીવાત તેમજ મચ્છરોનો ઉપદ્રવ વધી રહ્યો છે. મુખ્યમાર્ગો આસપાસ પણ યોગ્ય સફાઈના અભાવે વન આરક્ષિત જગ્યામાં પણ બિનજરૂરી વનસ્પિત હરિયાળી માટે ખતરારૂપ બની છે.

ગાંધીનગરના મુખ્યમાર્ગો આસપાસ હજુ પણ સફાઈ કરવામાં આવી નથી વરસાદી દિવસોના અંતે શહેરના મુખ્યમાર્ગો તેમજ સેકટરોના આંતરિક માર્ગો આસપાસ પણ બિનજરૂરી ઘાસ તેમજ વનસ્પતિ ઉગી નિકળી છે .જેના લીધે સેકટરોના રહેણાંક વિસ્તારમાં મચ્છર તેમજ જીવાતનો ઉપદ્રવ વધી ગયો છે. રહેણાંક વિસ્તારમાં મચ્છરોની સાથે જીવાત વધતા રહીશો પણ ત્રાહીમામ પોકારી ગયા છે. થોડા સમય અગાઉ તંત્ર દ્વારા સેકટરોના આંતરિક માર્ગો આસપાસ બિનજરૂરી વનસ્પિત દુર કરવા માટે બુલડોઝર ફેરવી સફાઈ કરવામાં આવી હતી. પરંતુ આ કામગીરી અધુરી છોડી દેવાતા હજુ સેકટરોમાં માર્ગો આસપાસ ઉગી નિકળેલુ ઘાસ તેમજ વનસ્પિત જીવાત અને જીવજંતુઓના ઉપદ્રવ માટે જવાબદાર બન્યુ છે. શહેરના મુખ્યમાર્ગોની આસપાસ પણ હજુ સફાઈ થઈ નથી. જેના લીધે નગરના મુખ્યમાર્ગો આસપાસ હજુ પણ ઉગી નિકળેલા ઘાસની સાથે વન આરક્ષિત જગ્યામાં પણ નિંદામણ દુર કરાયુ નથી. વન આરક્ષિત જગ્યામાં પણ સફાઈનો અભાવ વર્તાઈ રહ્યો છે.

શહેરના સેકટરોમાં આમ પણ સફાઈ થતી નથી જયારે વરસાદી દિવસોના અંતે ઘાસ પણ દુર ન થતા જીવાત તેમજ મચ્છરોનો ઉપદ્રવ વધી રહ્યો છે. ત્યારે સ્થાનિક રહીશો પણ તંત્ર દ્વારા ઘાસ અને વનસ્પિત દુર કરવા માટે સફાઈ અભિયાન હાથ ધરે તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે. સેકટરોના આંતરિક માર્ગો નજીકના વિસ્તારમાં પણ ઠેર ઠેર કચરાના ઢગ ખડકાયેલા છે. બીજીતરફ વન આરક્ષિત વિસ્તારમાં પણ દબાણ અને ગંદકીની સમસ્યા વધી છે. વન આરક્ષિત જગ્યાની ફેન્સીંગ કેટલાક ઠેકાણેથી તુટેલી હાલતમાં છે. જેના લીધે રખડતા ઢોર પણ આ વિસ્તારમાં અડ્ડો જમાવી રહ્યા છે. આવા સંજોગોમાં હરિયાળી સામે પણ ખતરો મંડરાયેલો છે.

# પંચાયતની શાખાઓમાં ૨૫મી સુધી સફાઈ અને રેકર્ડ વર્ગીકરણ સંપન્ન કરવા તાકિદ

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર જિલ્લા પંચાયતની તમામ શાખાઓને ૨૫મી ઓક્ટો. સુધીમાં તેમની શાખામાં સફાઈ અભિયાન કરી રેકર્ડ વર્ગીકરણની તમામ કામગીરી સંપન્ન કરવા માટેની સૂચનાઓ જિલ્લા વિકાસ અધિકારી આર.આર. રાવલે આપી છે.

પંચાયતના તમામ શાખાધિકારીઓની બેઠકમાં બોલતાં તેમણે સીડીમાં તેમજ સીડી બહાર અને પંચાયતના પરિસરમાં જ બહાર રહેલા રેકર્ડને લઈ સખ્ત નારાજગી વ્યક્ત કરી હતી. તેમણે કહ્યુ હતુ કે પંચાયત પરિસરમાં સ્વચ્છતા જળવાઈ એ જવાબદારી સૌની છે.

સ્વચ્છતા અભિયાન ચાલી રહ્યુ છે અને ૨૫મી સુધીમાં તમામ શાખાઓની સફાઈ થઈ જાય એટલુ જ નહિ રેકર્ડ વર્ગીકરણની કામગીરી પણ સંપન્ન કરવામાં આવે.

તેમણે આ બેઠકમાં વિવિધ શાખાઓમાં એકત્ર થયેલા તુમારોનો પણ નિકાલ કરવા જણાવ્યુ હતુ. આ ઉપરાંત નાગરિક અધિકાર પત્ર અંતર્ગત મળેલ રજુઆતોનો સમય-મર્યાદામાં નિકાલ થાય તે જોવા પર ભાર મુક્યો હતો.

પેન્શન કેસોનો પણ નિકાલ ઝડપથી થાય તેમજ પ્રાથમિક તપાસ કે ખાતાકીય તપાસો પણ સમય-મર્યાદામાં પૂર્ણ થાય તે જોવા તાકીદ કરી હતી. ધારાસભ્યોના પત્રોનો પણ સમય-મર્યાદામાં

● અનુસંધાન પાન-૭ પર



સોનેરી સંધ્યાનો અદ્દભૂત નજારો....

# ફોર વ્હીલર માટે નવી સિરીઝ 'બીએમ'ને અનુલક્ષી પસંદગીના નંબરોની હરાજી કરાશે

**જુની અને નવી સિરીઝના પસંદગીના નંબરોને અનુલક્ષી આર ટી ઓ દ્વારા આગામી તા ૧ અને ૨ નવેમ્બરના રોજ હરાજીની પ્રક્રીયા**

ગાંધીનગર તા ૨૨

ગાંધીનગર આર ટી ઓ કચેરીમાં ફોર વ્હીલરના પસંદગીના નંબરો માટે આર ટી ઓ દ્વારા જી જે ૧૮ બી એમ ની નવી સિરીઝ શરૂ કરવામાં આવશે જયારે જુની સિરીઝ અને નવી સિરીઝને અનુલક્ષી પસંદગીના નંબરો માટે આગામી તા ૧ અને ૨ નવેમ્બરના રોજ હરાજીની પ્રક્રીયા હાથ ધરાશે. આ માટે અરજદારોએ આગામી તા ૩૧ ઓકટોબર સુધીમાં વાહનમાલિકોએ અરજી કરવાની રહેશે.

ગાંધીનગરમાં નવરાત્રિથી દશેરા સુધીના તહેવારોમાં વાહોનોની વિશેષ ખરીદી થઈ છે. જયારે દિવાળીના પર્વ દરમિયાન પણ વધુ વાહનોની ખરીદી થશે જયારે આ સ્થિતિને ધ્યાને લઇ આર ટી ઓ તંત્ર દ્વારા વાહનોના નંબર માટે ફોર વ્હીલરને અનુલક્ષી નવી સીરીઝ શરૂ કરવામાં આવશે. જેમાં આર ટી ઓ દ્વારા જી જે ૧૮ બી એમની નવી સિરીઝ શરૂ કરવામાં આવશે. જયારે બી એલ તેમજ બીકે ની સિરીઝમાં પણ હજુ પસંદગીના ઘણાં નંબરો ફાળવાવાના બાકી છે. આવા સંજોગોમાં ગોલ્ડન તેમજ સિલ્વર નંબરો માટે આગામી તા ૩૧ ઓકટોબર સુધીમાં અરજદારોએ ઓનલાઈન અરજી કરવાની રહેશે આ મામલે આર ટી ઓ કચેરી દ્વારા વાહનમાલિકોને ઓનલાઈન અરજી કરવા માટે પણ સુચવાયુ છે. જયારે નવી અને જુની સિરીઝના નંબરોને અનુલક્ષી આગામી તા ૧ અને ૨ નવેમ્બરના રોજ પસંદગીના નંબરોની હરાજી કરાશે. જયારે તા ૩૧ ઓકટોબાર સુધીમાં ઓનલાઈન અરજી કરનાર હરાજીમાં ભાગ લઈ શકશે. જયારે હરાજીમાં ભાગ લેવા માટે વાહન ખરીદીના સાત દિવસની અંદર સી એન એ ફોર્મ ભરેલુ પણ ફરજિયાત છે.

## સસ્પેન્ડેડ ગૌરવ દહિયાનું સસ્પેન્શન વધુ લંબાવાયું

ગાંધીનગર, તા.૨૨

દિલ્હીની મહિલા સાથે કથિત પ્રેમ પ્રકરણ અને લગ્નેત્તર સંબંધના વિવાદમાં સસ્પેન્ડેડ આઈએએસ અધિકારી ગૌરવ દહિયાનું સસ્પેન્શન વધુ ત્રણ મહિના લંબાવવામાં આવ્યું છે. જેના કારણે દહિયાની મુશ્કેલી વધી છે. દિલ્હીની મહિલા સાથેના લગ્નેતર સંબંધોના આક્ષેપોને લઈને રચાયેલી તપાસ સમિતિના અહેવાલની ભલામણના આધારે રાજ્ય સરકારે ૨૦૧૦ની બેચના આઈએએસ અધિકારી ગૌરવ દહિયાને સસ્પેન્ડ કર્યા હતા. તેમનું સસ્પેન્શન ત્રણ મહિના લંબાવવા માટે નિર્ણય કરવામાં આવ્યો છે. રિવ્યુ કમિટીએ વધુ ત્રણ મહિના સસ્પેન્શન લંબાવવા નિર્ણય કર્યો છે.

# કુકીંગ ઓઈલની વિગત હવે બોર્ડ પર દર્શાવવી જરૂરી

**મીઠાઇ-ફરસાણના વેપારીઓ માટે માર્ગદર્શિકા : મીઠાઈ વેચતા વેપારી ફુડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ ઓથોરિટી ઓફ ઇન્ડિયાનું રજિસ્ટ્રેશન કરાવવું પણ ફરજિયાત રહેશે**

ગાંધીનગર, તા.૨૨

દિવાળીના તહેવારો દરમ્યાન મીઠાઈ અને ફરસાણના વેપારીઓ માટે એક નવી એડવાઈઝરી જારી કરવામાં આવી છે. જે મુજબ, હવેથી વેપારીઓએ મીઠાઈ અને ફરસાણમાં વપરાતાં કુકીંગ ઓઈલની વિગતો નોટિસ બોર્ડ પર લગાવવી પડશે. વેપારીઓએ વારંવાર ખાદ્ય તેલનો ઉપયોગ નહીં કરી શકે.રાજ્યમાં નાગરિકોને દિવાળીના તહેવારો દરમિયાન શુદ્ધ અને ગુણવત્તાયુક્ત મીઠાઈ અને ફરસાણ મળી રહે એ માટે રાજ્ય સરકારે મીઠાઈ અને ફરસાણના વેપારીઓને તકેદારી રાખવા માટે સૂચનાઓ આપી છે. રાજ્યના ખોરાક અને ઔષધ નિયમન તંત્રના કમિશનર એચજી કોશિયા દ્વારા જણાવ્યાનુસાર મીઠાઈ તથા ફરસાણના વેપારીઓએ તેઓ દ્વારા વેચવામાં આવતી ખાદ્યચીજ વસ્તુઓ કયા કુકીંગ માધ્યમમાં બનાવવામાં આવી છે જેવા કે ઘી, ખાદ્યતેલનો પ્રકાર વનસ્પતિ અથવા અન્ય ફેટની જાણકારી નાગરિકો જોઈ શકે તે રીતે દુકાનના નોટીસ બોર્ડ પર પ્રદર્શિત કરવાની રહેશે. કોશિયાએ ઉમેર્યુ કે, દિવાળીના તહેવારો દરમિયાન મીઠાઈ, ફરસાણ, ચોકલેટ, દુધ, ઘી, માવો વગેરેની માંગ ખૂબ મોટા પ્રમાણમાં વધતી હોવાના કારણે ખાદ્યચીજવસ્તુઓનું ઉત્પાદન,

● અનુસંધાન પાન-૭ પર


www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN® ashirvad BENELAVE™ DR. FIXIT TATA STEEL • PIPES • SHEETS ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

વિશાલ પંડ્યા (મો) ૯૮૨૪૦ ૫૯૬૩૫
કનૈયાલાલ પંડ્યા (મો) ૯૪૨૮૨ ૧૭૫૫૭
પ્રોડક્શન કંપનીના ભાવે
આકર્ષક લગ્ન કંકોત્રી મેળવવાનું એક માત્ર સ્થળ
ૐકાર ગ્રાફીક્સ & ઝેરોક્ષ
બી-૬, બેઝમેન્ટ, શ્રીનાથ કોમ્પ્લેક્ષ, ૧૭/૨૨ બસ સ્ટેન્ડ પાસે, સેક્ટર - ૨૨, ગાંધીનગર

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT BRIDGESTONE
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com